ખટોદરામાં આવેલ દુકાનમાંથી રૂ.૩,૯૧,૯૫૦/- ની કિંમતના સુકા મેવાની ચોરીના ગુનામા નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેર વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન HC સહદેવભાઈ વરવાભાઈ નાઓને મળેલ બાતમી આધારે "ખટોદરા બેઠી કોલોની વિસ્તારમાં આવેલ દુકાનમાંથી રૂ.૩,૯૧,૯૫૦/-ના સુકા મેવાની ચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપી નામે શાહીદ રફીક શેખ રહે. તીરૂપતીનગર ગોસીયા બેકરીની પાછળ ઉનપાટીયા, સુરતવાળો ઉધના ત્રણ રસ્તા ખેતલાઆપા ટી-સેન્ટરની ગલીમાં ઉભો હોવાની હકીકત મળતા ઉપરોકત ટીમના માણસોએ બાતમીવાળી જગ્યાએ જઈ વોચ ગોઠવી ઉપરોકત આરોપીને ઝડપી પાડી મજકુર આરોપીની પુછ-પરછ કરતા તેણે તથા તેના મિત્રોએ મળી ખટોદરા બેઠી કોલોની પાસે આવેલ એસ.કે. એન્ટરપ્રાઈઝ નામની દુકાનના તાળા તોડી દુકાનમાં રાખેલ કાજુ, બદામ, અખરોટ વિગેરે સુકામેવાની ચોરી કરેલાનું જણાવેલ અને પોતે આ ગુન્હામાં નાસતો ફરતો હોવાની હકીકત જણાવતા આ બાબતે ખાત્રી કરતા મજકુર આરોપી સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં I ગુ.ર.નં-૧૬૫/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના ગુનામા નાસતા ફરતો હોય જેને પકડી પાડી ઉરોકત વણશોધાયેલ ગુન્હાઓનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.